# ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૧મું જ્ઞાનસત્ર | અજય પાઠક

વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુરના યજમાનપદે શ્રી કાનુભાઈ મહેતા સાંસ્કૃતિક ભવન, વિદ્યામંદિર કૅમ્પસ-૨, પાલનપુર, જિ. બનાસકાંઠા મુકામે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી સિતાંશુ યશશ્ચન્દ્રના અધ્યક્ષસ્થાને ૩૧મું જ્ઞાનસત્ર તા. ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ યોજાયું હતું. દૂરના સ્થળેથી આવતા પ્રતિનિધિઓ ૨૫મીની સાંજથી આવવા લાગ્યા હતા. યજમાનસંસ્થા સૌજન્યપૂર્ણ તથા સહકારભર્યા આતિથ્યભાવથી આવતાંની સાથે જ પ્રતિનિધિઓ આનંદ અનુભવવા લાગ્યા હતા. કૅમ્પસનું સુઆયોજિત અને અત્યંત રમણીય પ્રાકૃતિક વાતાવરણ ઊડીને આંખે વળગતું હતું. ૨૫મીની રાતથી જ આવનાર પ્રતિનિધિઓ ભોજન-ઉતારાની વ્યવસ્થા માટે તથા વાહનવ્યવસ્થા માટે કાળજીભર્યો વ્યવહાર નિરાંતનો અનુભવ કરાવતો હતો. ૨૬મીની સવારથી સભાસ્થળ પર રજિસ્ટ્રેશન તથા સ્વાગત ભેટ(વેલકમ કીટ)વિતરણવ્યવસ્થાની સરળતા તથા ઝડપ ધ્યાન ખેંચતાં હતાં. વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓનો મોટો સમૂહ શિસ્તબદ્ધ રીતે આ તકે પ્રવેશ પામતો જોવા મળ્યો હતો.

સભાસ્થળની વ્યવસ્થા અત્યંત સુંદર તેમ સુવિધાયુક્ત હતી. હજારેકની સંખ્યામાં પ્રતિનિધિઓ બેસી શકે તેવો વિશાળ સભાખંડ, પુસ્તકપ્રદર્શન યોજી શકાયું તેવી સભાખંડમાં પ્રવેશતાં પહેલાં પરસાળ અને મોકળાશવાળું પ્રાંગણ એક આદર્શ સ્થળની છાપ સર્જતાં હતાં. એક વાર સભાસ્થળે સવારે ૮ કલાકે આવ્યાં એટલે નિરાંત; રાત્રે ૮/૯ વાગે બધા નિર્ધારિત કાર્યક્રમો સંપન્ન થતાં ઉતારાએ પહોંચવા બસની સુવિધા સમયબદ્ધ તેમ સરસ. પ્રત્યેક પ્રતિનિધિને આપવામાં આવેલ બેજ(બિલ્લો)માં ઉતારા અંગે ૩/૪ સંપર્કનંબરો તથા જવાબદાર વ્યક્તિઓનાં નામ છપાયેલાં હવાથી અકળામણની કોઈ પણ ક્ષણે સંપર્ક સાધી શકાય તેવી સુવિધા.

જ્ઞાનસત્રની પહેલી બેઠક તા. ૨૬-૧૨-૨૦૧૯, ગુરુવાર, સવારે ૯/૩૦ કલાકે આરંભાઈ હતી. મંચસ્થ મહાનુભાવોમાં સર્વશ્રી પ્રો. થેયિએસિનુઓ કેડિત્સુ (અતિથિવિશેષ), સિતાંશુ યશશ્ચંદ્ર (પરિષદપ્રમુખ), ધીરુ પરીખ, રઘુવીર ચૌધરી, વર્ષા અડાલજા, માધવ રામાનુજ, પ્રફુલ્લ રાવલ, યોગેશ જોશી, ભરત મહેતા, ધર્મેશ ભટ્ટ, સમીર ભટ્ટ, પરીક્ષિત જોશી ઉપસ્થિત હતા. આ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્યવિધિ સંપન્ન થયો હતો. નવકાર મંત્રની સંગીતમય રજૂઆત દ્વારા કાર્યક્રમનો પ્રારંભ થયો હતો. નર્મદ તથા શૂન્ય પાલનપુરીની સંગીતમય પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ રજૂઆત સંગીત વૃંદ વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર દ્વારા થઈ હતી. શ્રી કનુભાઈ પ્રજાપતિએ ટૂંકું સ્વાગતપ્રવચન કર્યું હતું. ત્યારબાદ શ્રી શિરીષકુમાર એમ. મોદીએ પ્રાસંગિક ઉદ્બોધન

કર્યું હતું. મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત વિદ્યાર્થિનીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પાલનપુરની સ્થાપના કરનાર એક કવિ/કલાકાર હતો તે વિગત સાથે વિદ્યામંદિર ટ્રસ્ટ ઈ.સ. ૧૯૨૧થી કાર્યરત છે તથા શિક્ષણક્ષેત્રે જે કામગીરી કરવામાં આવી છે તેનો આછો પરિચય આપવામાં આવ્યો. એક સરસ ઉલ્લેખ કરવામાં આવ્યો કે જીવનમાં પૈસા કમાવા સિવાયનું પણ કર્તવ્ય હોય છે એ સમજ વિસ્તારવામાં આ ટ્રસ્ટ શ્રદ્ધા ધરાવે છે. ત્યારબાદ શ્રી પ્રફુલ્લ રાવલે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું તથા કાર્યક્રમ-સંચાલનનો દોર સંભાળ્યો. શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ અતિથિવિશેષ પ્રો. થેયિએસિનુઓ કેડિત્સુનો પરિચય આપ્યો. શ્રી કેડિત્સુ નાગાલેન્ડનાં કવયિત્રી છે. તેમના પતિ મેઘાલયનાં છે. બંને ભારતીય છે. શ્રી કેડિત્સુ અંગ્રેજી વિષયનાં અધ્યાપિકા છે. તેમના બે કાવ્યસંગ્રહોનો ટૂંક પરિચય આપવામાં આવ્યો. અતિથિવિશેષનું વક્તવ્ય ૪૦ મિનિટનું રાખવામાં આવ્યું હતું. તે મુજબ તેઓ બોલ્યાં. અંગ્રેજીમાં વક્તવ્ય આપ્યું. કેટલાંક પોતાનાં કાવ્યોનો પાઠ કર્યો. શ્રી કેડિત્સુના વક્તવ્ય તેમજ કાવ્યપાઠ સમયે શ્રોતાસમૂહ દ્વારા પ્રસન્નતા વ્યક્ત થઈ હતી. અધ્યક્ષીય પ્રવચન આપતાં શ્રી સિતાંશુ યશશ્ચંદ્રએ સર્જક VS સરકાર પર બોલતાં કહ્યું કે લેખક એટલે કોણ ? લેખક એટલે શું ? સ્વાયત્તતાના મુદ્દે શો ઝઘડો છે ? શા માટે છે ? જ્ઞાનસત્રના બે દિવસની ચર્ચાઓમાં આ વિશે સ્પષ્ટતાઓ થશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે પ્રજાના પ્રતિનિધિઓને પ્રજામાં વિશ્વાસ હોવો જોઈએ. તેમના વક્તવ્યનો બીજો મુદ્દો વિદ્યાર્થીઓ આગળ આવો તેવો આહ્‌વાન આપવાનો રહ્યો હતો. વાસ્તવિક રીતે પાછળ બેઠેલા વિદ્યાર્થીઓને આગલી હરોળમાં આવીને બેસવા કહ્યું અને થોડી ક્ષણોમાં હલચલ મચી ગઈ. વિદ્યાર્થીઓ ઊભા થઈને આગલી હરોળમાં ગોઠવાયા. તેમણે સાંકેતિક ભાષામાં બારણાં ખુલ્લાં રાખવાની વાત કરી. પરિષદના કેટલાક નવા કાર્યક્રમોનો ઉલ્લેખ કર્યો. 'આનંદની ઉજાણી'નો કાર્યક્રમ થાય છે. દર મહિનાના છેલ્લા શનિવારે ૪ કલાક માટે સૌ મળે છે. તેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, વહીવટ કરનારાઓ સૌ ઉપસ્થિત હોય. વિદ્યાર્થીઓને સાંભળીએ, તેમના મુદ્દાઓની ચર્ચા કરીએ. બીજો એક કાર્યક્રમ એવો છે કે 'પરિષદ આપને આંગણે'માં મહિનામાં એક વખત આ કાર્યક્રમ યોજાય જેમાં જિલ્લા કક્ષાનાં મથકોએ જવું એવો ખ્યાલ છે. અધ્યક્ષશ્રીએ પરિષદને મળેલાં કેટલાંક દાનોનો ઉલ્લેખ કર્યો. ત્યારબાદ અધ્યક્ષશ્રી તથા અતિથિવિશેષશ્રીને પ્રતીક ભેટ અર્પણવિધિ થયો જેમાં શ્રી શિરીષભાઈ દ્વારા અતિથિવિશેષને તથા શ્રી પ્રજાપતિ દ્વારા અધ્યક્ષશ્રીને સન્માનવામાં આવ્યાં હતાં. અંતમાં આભારવિધિમાં શ્રી રાજેન્દ્ર પટેલની અનુપસ્થિતિમાં શ્રી માધવ રામાનુજે આભાર માન્યો હતો.

બીજી બેઠક ૧૧-૩૦ કલાકે શરૂ થઈ હતી. બેઠકનું સંચાલન શ્રી ધર્મેશ ભટ્ટે સંભાળ્યું હતું. બેઠકના અધ્યક્ષ હતા શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળા. વક્તાઓ હતા સર્વશ્રી રાજેશ પંડ્યા, ધીરુ પરીખ, વસંત ભટ્ટ તથા રમણ સોની. બેઠકનો વિષય હતો 'કાલજયી સર્જકતાની આલોચના (પ્રાચીન).' શ્રી ટોપીવાળાસાહેબે 'કારયિત્રી પ્રતિભાના કેટલાક પ્રશ્નો' એવા શીર્ષક સાથે પોતાનું લેખિત વક્તવ્ય વાંચ્યું હતું. પ્રત્યેક પ્રતિનિધિ પાસે તમામ બેઠકોના અધ્યક્ષશ્રીઓનાં વક્તવ્યોની છપાયેલી પુસ્તિકા ઉપલબ્ધ હતી. '૨૦૧૧માં

આવેલી 'ધ ડર્ટી પિક્ચર' હિન્દી ફિલ્મમાં ફિલ્મઉદ્યોગના રહસ્યને ઉદ્ઘાટિત કરતી હોય એમ એની નાયિકાએ ત્રણ વાર ઉચ્ચારેલું : 'મનોરંજન, મનોરંજન, મનોરંજન' (entertainment, entertainment, entertainment) અને તેમ છતાં વ્યાખ્યાની સીમામાં મનોરંજન નહોતું આવ્યું. ભૂમિકારૂપ પહેલી લીટીના ઉચ્ચાર પછી તરત વિષયના ઊંડાણમાં પ્રવેશ કરાવતી તીક્ષ્ણ બુદ્ધિપ્રતિભાયુક્ત વાણી તથા પઠન પરત્વે પુસ્તિકામાં તેમ પ્રભાવ અર્થે પ્રેક્ષકગણ પર પ્રવર્તતી તેમની તેજસ્વી આંખો વિષયવસ્તુને અભિપ્રેત પૂરતા ગાંભીર્યના અનુભવ સાથે વિષયબોધ કરાવતી હતી. ત્રણ પાનના ટૂંકા વક્તવ્યમાં પોતાના આપેલા શીર્ષકને પ્રતિપાદિત કરતી નક્કર વિચારણા રજૂ થઈ હતી. પંદર લીટીના વક્તવ્યના આરંભે તરત રજૂ થયેલ એક પૅરેગ્રાફમાં સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ સર્જકપ્રતિભાની કરેલ વિચારણાનો સંદર્ભ આપીને જ્ઞાનસત્રના કેન્દ્રીય વિષય 'સર્જકપ્રતિભા'ને રાજશેખર સુધી આવીને 'ભાવકપ્રતિભા' સાથે મૂકી આપી અને તે રીતે આખા જ્ઞાનસત્ર દરમિયાન વિવિધ રીતે થનારી ચર્ચા-વિચારણાની કેડી કંડારી આપી હતી. આમ ટોપીવાળાસાહેબના વક્તવ્યથી જ્ઞાનસત્રના જ્ઞાનગંભીર આનંદનો આરંભ થયો હતો. બેઠકના વક્તાઓએ અનુક્રમે 'આદિકવિ વાલ્મીકિની પ્રતિભાની ઓળખ, એમણે સર્જેલાં ત્રણ પાત્રોને આધારે...' (રાજેશ પંડ્યા), 'મહાકવિ દાન્તેની સર્જકપ્રતિભા : ડિવાઇન કૉમેડીમાં 'ઇન્ફર્નો'-ના નિરૂપણ સંદર્ભે...' (ધીરુ પરીખ), 'કવિકુલગુરુ કાલિદાસની સર્જક પ્રતિભા : એમની નાટ્યસૃષ્ટિના સંદર્ભે...' (વસંત ભટ્ટ), આદિકવિ નરસિંહ મહેતાની કવિપ્રતિભા : એમના ભક્તિરસ અને એમની પરંપરાભંજકતા સંદર્ભે... (રમણ સોની), શીર્ષક સંદર્ભે વાલ્મીકિ, દાન્તે, કાલિદાસ તથા નરસિંહ મહેતાની સર્જકપ્રતિભાનો રમણીય વિલાસ કેવો આસ્વાદ્ય છે તેનો પરિચય કરાવ્યો હતો. પોતાના ઊંડા અભ્યાસનો સૌ વક્તાઓએ પ્રસન્નકર પરિચય આપ્યો હતો.

ભોજનવિરામ પછી બપોરે ૩.૦૦ કલાકે જ્ઞાનસત્રની ત્રીજી બેઠકનો પ્રારંભ થયો હતો. બેઠકનો વિષય હતો : 'સાહિત્યકારની ઇતિહાસપ્રજ્ઞતા અને સર્જકતા (અર્વાચીન)'. અધ્યક્ષ હતા શ્રી રઘુવીર ચૌધરી. વક્તાઓ હતા સર્વશ્રી સ્વાતિ જોશી, સૌમ્ય જોષી, પ્રબોધ પરીખ, પરેશ નાયક. બેઠકનું સંચાલન સંભાળ્યું હતું શ્રી ભાવેશ જેઠવાએ. 'ઇતિહાસ અને સાહિત્ય' વિષય પરનું સાત પાનાંનું રઘુવીર ચૌધરી(અધ્યક્ષ)નું લેખિત વક્તવ્ય પ્રતિનિધિઓ પાસે હતું. રઘુવીરભાઈએ ટૂંકમાં વાત કરીને વક્તાઓને રજૂ થવા અવકાશ આપ્યો હતો. પહેલાં સ્વાતિ જોશીએ 'ઉમાશંકર જોશીની ઇતિહાસપ્રજ્ઞતા અને એમની કવિતા : કેટલાક ધ્યાનાર્હ મુદ્દા' વિષય પર પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. તેમણે પોતાનું પેપર વાંચ્યું હતું. ઇતિહાસ શું છે ? સાહિત્ય સાથે શું સંબંધ છે ? વગેરે મુદ્દા કરીને ઉમાશંકરની વિચારધારા અંગે કહ્યું કે તેઓ માર્ક્સવાદી ન હતા તેમ ગાંધીવાદી પણ ન હતા. તેમની સમાજવાદની સમજ નહેરુની સમાજવાદની સમજની નજીક હતી. ગુજરાત રાજ્યની સ્થાપના અને ગુજરાત વિશેનાં કાવ્યોનો ઉલ્લેખ કર્યો. ઉમાશંકરના વ્યક્તિત્વમાં તેમની લોકનિસબત અંગે સ્વાતિબહેને ભાર મૂક્યો અને તેમને પ્રજાપુરુષ તરીકે જોયા. ઉમાશંકરના વક્તવ્યમાં રહેલ 'Public Affairsમાં સંડોવાવું' એ ગુણલક્ષણને અધોરેખિત

કર્યું. કવિ સત્યાગ્રહી અને સૈનિક, જાહેર જીવનની વ્યક્તિ એકસાથે હતા. સૌમ્ય જોશીએ 'બેર્ટોલ્ડ બ્રેખ્ટની ઇતિહાસપ્રજ્ઞતા અને એણની રંગભૂમિઃ પડદો શેના ઉપરથી ખૂલે છે ?' એવા શીર્ષક સાથે વક્તવ્ય રજૂ કર્યું. તેમણે પણ પોતાનું પેપર વાંચ્યું હતું. વાચિકમ્‌ના અંશો ધરાવતું તેમનું પઠન તેમના કંઠ(અવાજ)ના કારણે પણ શ્રોતાઓને પકડી રાખતું હતું. તેમણે 'ગેલેલિયો' નાટક વિશે વધુ વાત કરી. પછીના વક્તા પ્રબોધ પરીખે 'ઑસિપ માન્ડેલસ્ટામની ઇતિહાસપ્રજ્ઞતા અને એમની કવિતા' વિષય પરનું પોતાનું પેપર વાચ્યું હતું. તેમના વક્તવ્યમાં તેમનો અભ્યાસ નીખરતો હતો. પછીના વક્તા શ્રી પરેશ નાયકે 'ચિનૂઆ એચેબેની ઇતિહાસપ્રજ્ઞતા અને એમનું કથાવિશ્વ : આજે જ ઇતિહાસ' એવા શીર્ષકથી પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ રઘુવીરભાઈએ પોતાનું અધ્યક્ષીય ઉદ્‌બોધન ટૂંકમાં રજૂ કરીને શ્રોતાઓને પ્રશ્નો પૂછવા નિમંત્રણ આપ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં સ્વાતિ જોશીના ઉમાશંકર જોશીને પ્રજાપુરુષ તરીકે ઓળખવા/ઓળખાવવાના મત સાથે પોતાની અસંમતિ જાહેર કરી હતી અને ઉમાશંકરની કવિચેતનાને ઓળખવાની જિકર કરી હતી.

જ્ઞાનસત્રના પ્રથમ દિવસે સંધ્યામિલનનું આયોજન સાંજે ૬.૦૦ થી ૮.૦૦ સુધી થયું હતું જેમાં વિશ્વવિખ્યાત ચિત્રકાર શ્રી અતુલ ડોડિયા સાથે એક સાંજ : એમનાં મિત્રોનું સ્ક્રિનિંગ અને એ વિશે ચિત્રકારની વાત... એટલે કે કલાકારની કેફિયત. વિષયને શબ્દબદ્ધ આમ કર્યો હતો : 'મારી સર્જકતા : દશ્યો, મારાં ચિત્રલકો ઉપર અને એમની બહાર'. આ બેઠકનું સંચાલન શ્રી પીયૂષ ઠક્કરે કર્યું હતું. સરસ સંચાલન અને સફળ કેફિયત સાથે સંધ્યામિલનનો કાર્યક્રમ એક યાદગાર અનુભવ બની રહ્યો હતો. લાઇટ માત્ર વક્તા પર, ધ્યાન માત્ર સ્ક્રીન પર, સભાખંડમાં અંધકાર. પ્રશ્નોત્તરી થતાં પ્રકાશ, પ્રકાશ. અત્યંત રસપ્રદ પ્રશ્નોત્તરી. સાહિત્યના અભ્યાસીઓએ નોંધ્યું કે ચિત્રકલાના વિદ્યાર્થીઓ પણ કલામીમાંસામાં ખાસ્સા ઊંડા ઊતરતા હોય છે. શ્રી અતુલ ડોડિયાએ પોતાના 'ઇનર વર્કશોપ'માં સ્લાઇડ + નિજી અભિવ્યક્તિ દ્વારા પ્રેક્ષક/શ્રોતાવર્ગને પ્રવેશ કરાવ્યો. આ એક રસપ્રદ ઘટના બની.

તા. ૨૭-૧૨-૨૦૧૯, શુક્રવાર, સવારે ૯.૦૦ કલાકે જ્ઞાનસત્રની ચોથી બેઠકનો આરંભ થયો. વિષય હતો : કારયિત્રી પ્રતિભાની મીમાંસા. બેઠકના અધ્યક્ષ હતા : શ્રી ચંદ્રકાન્ત શેઠ. વક્તાઓ હતા સર્વશ્રી સરૂપ ધ્રુવ, સેજલ શાહ, પ્રફુલ્લ રાવલ, મહેન્દ્રસિંહ પરમાર. આ બેઠકનું સંચાલન શ્રી યોગેશ જોશીએ કર્યું હતું. વક્તાઓ પૈકી મહેન્દ્રસિંહ પરમાર ઉપસ્થિત રહી શક્યા ન હતા. યોગેશ જોશીએ મહેન્દ્રસિંહની અનુપસ્થિતિને લક્ષ્ય કરી વિશાળ - પચીસેકની - સંખ્યામાં ભાવનગરથી ઉપસ્થિત રહેલા વિદ્યાર્થી પ્રતિનિધિઓને આગલી પ્રથમ હરોળમાં સ્થાન લેવા અનુરોધ કર્યો હતો અને આનો પ્રતિસાદ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર આપ્યો અને સભાખંડમાં છેલ્લે બેઠેલા સૌએ ઊભાં થઈને આગળ આવીને પ્રથમ હરોળમાં સ્થાન લીધું હતું. એક સરાહનીય ચેષ્ટા તરીકે નોંધી શકાય તેવો પ્રસંગ હતો. અધ્યક્ષશ્રી ચંદ્રકાન્ત શેઠે પોતાંનું ત્રણ પાનાનું મુદ્રિત પ્રવચન વાંચીને રજૂ કર્યું હતું. સૌ પ્રતિનિધિઓ પાસે મુદ્રિત વ્યાખ્યાનની પુસ્તિકા ઉપલબ્ધ

હતી. ચંદ્રકાન્ત શેઠે પોતાના ટૂંકા વક્તવ્યનું શીર્ષક રાખ્યું હતું : 'કારયિત્રી પ્રતિભા'. એક જ વાક્યમાં, પહેલા વાક્યમાં 'પ્રતિભા' શબ્દને સમજાવી દીધો, કહ્યું કે 'પ્રકાશ સાથે સંબદ્ધ જે કેટલાક મહત્ત્વના શબ્દો છે તેમાંનો એક તે 'પ્રતિભા'. પછી બીજા જ વાક્યમાં શ્રી શેઠ પ્રખ્યાત ઉક્તિની પાસે શ્રોતાઓને લઈ જાય છે. 'नवनवोन्मेषशालिनी प्रज्ञा तु प्रतिभा मता'. પછી તરત આ શક્તિ કેવી છે તેનો ખ્યાલ કરાવતું ત્રીજું વાક્ય બોલે છે. 'અપૂર્વ વસ્તુનું નિર્માણ કરવાની ક્ષમતા' આ પ્રતિભા ધરાવે છે. આમ સર્જકપ્રતિભાને સમજવા માટેની શાસ્ત્રીય મીમાંસાને ક્રમશઃ સરળતા ખોલતાં જઈ 'આત્માની અમૃત કલા' શબ્દો પાસે લઈ આવે છે. ઉમાશંકર-નિર્દિષ્ટ 'સમસંવેદન'નો સિદ્ધાન્ત યાદ કરાવે છે. મીમાંસાના પ્રદેશમાં સરળ અને સહજ પ્રવેશ શ્રોતાઓને કરાવીને પાર્વતી-પરમેશ્વરૌ, શબ્દ અને અર્થ, સર્જકપ્રતિભા એટલે કારયિત્રી પ્રતિભા અને ભાવકપ્રતિભા એટલે ભાવયિત્રી પ્રતિભાનાં સ્વરૂપ અને સાયુજ્યને સુપેરે મૂકી આપવાનું કામ પોતાના ટૂંકા વક્તવ્યમાં શ્રી ચંદ્રકાન્ત શેઠે કરી આપ્યું હતું. પછી શ્રી સરૂપ ધ્રુવે 'સર્જકની પ્રતિબદ્ધતા અને તેનું સ્વાતંત્ર્ય' વિષય-શીર્ષક કરીને લેખિત વક્તવ્યનું વાચન કર્યું હતું. સાથે વાતચીતની ઢબે ચર્ચાના કેટલાક મુદ્દા કર્યા હતા. ગિરીશ કર્નાડને યાદ કર્યા. સર્જકે કર્મશીલ થવું પડે. કર્મશીલો પણ લખતા થયા છે. તેમણે મુદ્દો કર્યો – સર્જક કર્મશીલ / કર્મશીલ સર્જકતા. પ્રગતિશીલ સાહિત્યનું નવું શબ્દશાસ્ત્ર વિકસાવવું પડશે (પ્રતિબદ્ધ સાહિત્ય). મેક્સિમ ગોર્કીને યાદ કર્યા. ૧૯૩૫માં પૅરિસમાં ભરાયેલ વર્લ્ડ કૉન્ગ્રેસને યાદ કર્યું. લોક માટે શિષ્ટ / શિષ્ટ માટે લોકની જિકર કરી. ત્યારબાદ શ્રી સેજલ શાહે પોતાનો વિષય / શીર્ષક 'સર્જક, વાણી અને રૂપરચના'ને ત્રણ કૃતિના આધારે ખોલી બતાવ્યો હતો. ૧. પદ્મનાભ : ૨. અખો ૩. લા.ઠા. નોંધપાત્ર સ્ફૂર્તિ સાથે પોતાની વાત રજૂ કરી હતી. પછીના વક્તા શ્રી પ્રફુલ્લ રાવલે 'ચરિત્રાત્મક સાહિત્યમાં સર્જકતા' અંગે વાત કરી હતી. સહજ અને પરિપક્વ રીતે એક પછી એક કૃતિઓના નામોલ્લેખ કરતાં જઈ મૂળગામી મુદ્દાઓને સ્પર્શવાનું તેમણે પસંદ કર્યું હતું. સર્જનાત્મક સાહિત્યમાં (કલ્પનાવિહાર)ની જે છૂટ મળે છે તે ચરિત્રસાહિત્યમાં શક્ય નથી. સત્યને હાનિ ન પહોંચે તેની કાળજી લેવાની રહે છે. આત્મકથાનું સ્વરૂપ સમજાવતાં કહ્યું કે સુખ-દુઃખની અભિવ્યક્તિ સમયે કાળજી લેવાની રહે છે. 'મારી હકીકત'નું દૃષ્ટાંત લીધું. નર્મદની નિખાલસતાનો ઉલ્લેખ કર્યો. કહ્યું - તેમાં સર્જકતા છે. કેટલાક ગદ્યખંડનું પઠન કર્યું. પોતાની વાત કરવાનો આપણે ત્યાં ચાલ ન હતો. નર્મદે ચાલ પાડ્યો. મ. ન. દ્વિવેદીનું દૃષ્ટાન્ત આપ્યું. કાન્તને યાદ કર્યા. કાન્તે કરેલું નર્મદાનું વર્ણન યાદ કર્યું. સત્યના પ્રયોગોનું દૃષ્ટાંત આપ્યું. ઉમાશંકર-સુંદરમ્ બન્નેએ નામ પાડીને આત્મચરિત્ર લખ્યું નથી. પણ એ પ્રકારના લખાણમાંથી ઉમાશંકરનો એક ગદ્યખંડ વાંચ્યો. વાતચીતની ઢબે રજૂઆત કરી, ક્યારેક થોડું વાંચીને રજૂ કર્યું. આત્મકથા સંદર્ભે ચાર્લી ચેપ્લીનને યાદ કર્યા. અબ્દુલ કલામનું 'વિંગ્ઝ ઑફ ફાયર' યાદ કર્યું. 'જાત ભણીની જાત્રા'નો ઉલ્લેખ કર્યો. જીવનચરિત્રના લેખન સંદર્ભે પણ વાત કરી. ન્હાનાલાલનું દૃષ્ટાન્ત આપ્યું. દલપતરામનું ચરિત્ર. 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ', 'અર્વાચીનોમાં આદ્ય', 'શુક્રતારક', વ. વ. નિરંજન

ભગતના એક લેખની સરસ વાત કરી. દામુભાઈ વિશેનો લેખ. 'જરા નિરંજનનો કહો મોટેથી બોલે નહિ' ઉક્તિ સસંદર્ભ સમજાવી. થોડી વાત સ્મરણકથા સંદર્ભે કરી. અંતમાં તેમણે જણાવ્યું કે પોતાની વાત + વર્ણ્ય વિષય (વ્યક્તિ)ની વાત + ચરિત્રલેખન : ત્રણેયનો સમન્વય કરીને લખવું મુશ્કેલ છે. અધ્યક્ષને સરવૈયું / સમાપન કરવા વિનંતી કરવામાં આવી. ચંદ્રકાન્ત શેઠે જણાવ્યું કે સર્જકતાની કઈ રીતે માવજત કરો છો તે અગત્યનું છે. સર્જકતા અનેક રીતે પ્રગટે છે. સર્જકતા કોઈનો ઇજારો નથી. શ્રી શેઠે કહ્યું, 'હું મારો આનંદ વ્યક્ત કરું છું.' ગુજરાતી કથાસાહિત્યમાં પ્રયોગશીલતા વિશે શ્રી મહેન્દ્રસિંહ પરમાર બોલવાના હતા પરંતુ તેઓ હાજર રહી શક્યા ન હતા.

પાંચમી બેઠકે સવારે ૧૧.૦૦ આરંભાઈ હતી. વિષય હતો : 'ભાવયિત્રી પ્રતિભા-મીમાંસા'. અધ્યક્ષ હતા શ્રી નરોત્તમ પલાણ. વક્તાઓ હતા સર્વશ્રી સમીર ભટ્ટ, ઉદયન ઠક્કર, રાજેન્દ્ર પટેલ, હેમંત શાહ, સંચાલન સંભાળ્યું હતું શ્રી આશા ગોહિલે. સૌપ્રથમ રજૂ થયા વક્તા શ્રી સમીર ભટ્ટ. 'તને જોઈ જોઈ તોય તું અજાણી' પંક્તિને યાદ કરીને વક્તવ્યનો આરંભ કર્યો. ભાવક કઈ રીતે સર્જકતા દાખવે છે ? ૧. કૃતિ ૨. ભાવકને થતો સાક્ષાત્કાર. આનંદવર્ધનને યાદ કર્યા. સહૃદય શબ્દને અધોરેખિત કર્યો. તેમણે સરસ કહ્યું : સર્જકહૃદય સાથેનું ભાવકહૃદયનું તાદાત્મ્ય. આચાર્ય દંડીને યાદ કર્યા. કુંતકને યાદ કર્યા. તેમણે કહ્યું કે મોટાભાગના મીમાંસકો ભાવકની શક્તિને સ્વીકારે છે. રાજશેખરની તર્કબદ્ધ રજૂઆતને તેમણે વખાણી. રાજશેખરના મુદ્દાઓને તેમણે સરસ સમજાવ્યા. ભાવકના ચાર પ્રકાર અને શિષ્યના ત્રણ પ્રકારની વાત કરી. પશ્ચિમમાં થયેલી વિચારણાનો પણ ઉલ્લેખ કર્યો. અર્થઘટનશાસ્ત્ર અને રૉલાં બાર્તનો ઉલ્લેખ કર્યો. નીરવ પટેલની એક કૃતિને યાદ કરી. પ્રિયકાન્તનું 'વાતો' નામે સૉનેટ યાદ કર્યું. સિતાંશુનું 'મારું માણેકડું રિસાયું' કાવ્ય યાદ કર્યું. સમીર ભટ્ટે પોતાના વક્તવ્યનું શીર્ષક આપ્યું હતું – ભાવકની સર્જકતા. વિષયને ન્યાય આપતાં અનેક દૃષ્ટાન્તો રજૂ કરીને અસરકારક અવાજ સાથે વિષદ રજૂઆત કરી હતી. પછીના વક્તા શ્રી ઉદયન ઠક્કરના વક્તવ્યનું શીર્ષક હતું 'સર્જકને પડકારતા ભાવક'. તેમણે પણ રાજશેખરને યાદ કરીને વાત મૂકી. રાજશેખરે આપેલી પ્રતિભાની વ્યાખ્યા સમજાવી. ચાર પ્રકારના ભાવકનો ઉલ્લેખ કર્યો. ભાવકને પડકારતો સર્જક ઉત્તમ સર્જક છે. 'વામાંગી' - મરાઠી કાવ્યનો ઉલ્લેખ કર્યો. તેમણે સરસ કહ્યું : સર્જકે નક્કી કરવું પડે છે કે પોતાનો વાચક કોણ છે. સર્જક + ભાવક, બન્નેના સંયોજનથી કાવ્ય બને છે. હસમુખ પાઠકનું કાવ્ય 'ઠાકોરજી મા થયાં' સમજાવ્યું. ભાવકે નાના પડકારો પણ ઝીલવાના હોય છે. હરિહર ભટ્ટનું 'એક જ દે ચિનગારી' યાદ કરીને તેની સામે ન. પ્ર. બુચનું 'પામે તું ચિનગારી' મૂકીને વાતને રસપ્રદ બનાવી. ભાવક ક્યારેક સર્જક માટે પડકાર છે. 'આંધળી માનો કાગળ' યાદ કર્યું. સુજ્ઞ ભાવક એવું અર્થઘટન કરે છે કે સર્જક પણ વિસ્મય પામે છે. સાહિત્યકૃતિ સહિયારી સંપદા છે. સર્જક + ભાવક + સાહિત્યકૃતિ. પૅરૅડાઇઝ લૉસ્ટનું દૃષ્ટાન્ત આપીને ચર્ચા કરી. ઊરુ ભંગ નાટકનો ઉલ્લેખ કરી ચર્ચા કરી. ટેસ ઑફ ડ્યુબરવીલ્લી(હાર્ડી)ને યાદ કરી. તેમણે કહ્યું કે આ સંયુક્ત સાહસ છે. કાવ્ય = સર્જક + ભાવક. કાવ્ય સમજવાનું નથી;

સર્જવાનું છે.

ત્યારબાદ ‘ભાવયિત્રી પ્રતિભાની માવજત’ વિષય પર શ્રી રાજેન્દ્ર પટેલ બોલવાના હતા. પરંતુ તેઓ હાજર રહી શક્યા ન હતા. પછીના વક્તા શ્રી હેમંત શાહે ‘સર્જકતાનું એક અનોખું સ્થાનક : પૅરિસ’ વિશે માહિતીપૂર્ણ વ્યાખ્યાન આપ્યું. તેમણે પોતાનું પેપર વાંચ્યું હતું. તેઓ ચાર વખત પૅરિસ ગયા છે - પ્રવાસી તરીકે. તેમણે પૅરિસનાં પાંચ પરિબળો વિશે વાત કરી હતી. તેમણે બોદલેર, વાલેરી વ.ના ઉલ્લેખો કર્યા. નિરંજન ભગતની નગરકવિતાને યાદ કરી. કેમ્યુ તથા સાર્ત્રે વ. સુધી પહોંચ્યા. એક્ઝિસ્ટેન્શિયાલિઝમ અંગે ઉલ્લેખ કર્યો. અધ્યક્ષીય વક્તવ્ય + સમાપનમાં શ્રી નરોત્તમ પલાણે ટૂંકી રજૂઆત કરી અને પ્રશ્નોત્તરી માટે અવકાશ ઊભો કર્યો. પોણા ત્રણ પાનાંના મુદ્રિત વક્તવ્યનું શીર્ષક ‘ભાવયિત્રી : આપમેળે થતી અભિવ્યક્તિ’ એમ આપ્યું હતું. તેમણે વ્યાખ્યાનમાં સ્પષ્ટ કર્યું છે કે ‘અહીં શીર્ષકમાં મુકાયેલો ‘આપમેળે’ શબ્દ ઉમાશંકરની સ્મૃતિમાં છે. ‘ગંગોત્રી’ (૧૯૩૪)ના પ્રથમ પૃષ્ઠ ઉપર મૂકાયેલી પંક્તિ : ‘સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે’ - તેમણે ડોલરરાય માંકડે ‘કારયિત્રી’ એટલે શાસ્ત્રાશ્રિત’ અને ‘ભાવયિત્રી’ એટલે ‘કલાશ્રિત’ એવી સમજણ આપી છે તે યાદ કર્યું છે. તેમણે રુદ્રટ ‘સહજા’ અને ‘ઉત્પાદ્યા’ એવા પ્રકારોથી પ્રતિભાની વાત કરે છે તે યાદ કરીને બુદ્ધ પાસે લઈ જાય છે. સંતસાહિત્ય અને સંશોધનના અભ્યાસી એક જુદા જ દૃષ્ટિકોણથી આખી વાતને તપાસે છે તે નોંધવું જરૂરી છે. અંતમાં પલાણ ગાંધી પાસે લાવી મૂકે છે. વક્તવ્યનો આરંભ પણ ગાંધીથી; સમાપન પણ ગાંધીથી. કહે છે : ‘ગીતાનું દર્શન ગાંધીજી એક વાક્યમાં મૂકી આપે છે : ‘કર્મ છોડે તે પડે, કર્મ કરતો છતાં તેનાં ફળ છોડે તે ચડે.’ બે બે અક્ષરના શબ્દો અને વર્ણાનુપ્રાસથી અહીં સહજ અવતરેલું ભાષાનું સૌંદર્ય છે. આ ભાવયિત્રી છે.’ પ્રશ્નોત્તરીમાં એક તકે એક પ્રતિનિધિએ હિન્દીમાં પ્રશ્ન પૂછ્યો હતો. તે સમજાયો નહીં કે ગમેતેમ પણ અનુત્તરની પરિસ્થિતિમાં શ્રોતાસમૂહમાં પ્રથમ હરોળમાં બેઠેલાંઓ પૈકી ધીરુ પરીખે ઊભા થઈને ‘જોગી મત જા જોગી મત જા’ એ મીરાંની પંક્તિ ઓમકાર ઠાકુરની શૈલીનું સ્મરણ કરીને ગાઈને રજૂ કરી અને તેમાં ત્રણેય સ્વરોચ્ચારમાં ક્રમશઃ ઊંચો જતો સ્વર જે ચિત્ર ખડું કરે છે તેનો ખ્યાલ ધીરુ પરીખે આપ્યો તેનાથી હું ઘણો રાજી થયો હતો. પ્રશ્નકર્તાને પણ સમાધાન પ્રાપ્ત થયું જણાયું હતું. પણ મારા પડોશમાં, પ્રથમ હરોળમાં બેઠેલા એક સંગીતજ્ઞ સાહિત્યકાર/કવિને ધીરુ પરીખના ગાનમાં બેસૂરાપણું અનુભવાયું હતું અને મારી પ્રસન્નતા સામે તેમની અકળામણ બેવડી હતી. (આવુંય બને છે, હો સાહેબ ! ભાવયિત્રીની પ્રતિભાનો મામલો છે !)

છઠ્ઠી બેઠકનો આરંભ ભોજન-વિરામ પછી બપોરે ૨-૩૦ વાગે થયો. વિષય હતો ‘સાહિત્યની તાંત્રિકી : કંઠથી કમ્પ્યૂટર સુધી, હસ્તપ્રતનિર્માણ અને મુદ્રણના માર્ગે.’ બેઠકના અધ્યક્ષ હતા શ્રી નૌશિલ મહેતા. વક્તાઓ હતા સર્વશ્રી અપૂર્વ આશર, જયંત ઉમરેઠિયા, દક્ષા ભાવસાર, ચિંતન પંડ્યા. બેઠકનું સંચાલન શ્રી સંધ્યા ભટ્ટે કર્યું હતું. સૌ પ્રથમ શ્રી અપૂર્વ આશરે ‘ઇ બુક્સ, ઑડિયો બુક્સ અને આગળ’ એવા શીર્ષકથી પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનથી વક્તવ્ય આપ્યું. બદલાતા જમાનાની પુસ્તક/પ્રકાશનવ્યવસ્થા વિશે

સરળ સમજૂતી આપી, જાણકારી આપી. શ્રી જયંત ઉમરેઠિયાએ 'હસ્તપ્રતોના પ્રકારો અને તેનું સૌંદર્ય' એવા શીર્ષકથી તૈયાર કરેલું વક્તવ્ય આપ્યું. સ્લાઇડ બતાવી. પ્રાથમિક માહિતી આપી. સાદી પ્રત, દ્વિપાઠ, ત્રિપાટ કે ત્રિપાઠ, પંચ પાઠ (વચ્ચે ટેક્સ્ટ અને આજુબાજુમાં વિવેચન હોય છે), ચિત્રપુસ્તક, સુશોભનાત્મક, સંદર્ભગત ચિત્રોથી સમજાવેલી હસ્તપ્રતો, ત્રિકોણ પાઠ વગેરે માહિતીઓ સ્ક્રીન પર સ્લાઇડ બતાવતાં જઈને આપી. ત્યારબાદ 'ગ્રામ્ય વિસ્તારોમાં સાહિત્યવાચનની કેળવણી' શીર્ષકથી શ્રી દક્ષા ભાવસારે ૫૦૦૦ બાળકોને વાર્તા કહેવાનો સંકલ્પ લઈને એક વર્ષમાં સિદ્ધ કર્યો તેની કેફિયત સાથે પોતાની વાત મૂકી. ચાણસ્મામાં શરૂ કર્યું. વિદ્યાર્થીઓને જોડ્યા. ૧૨૫ સચિત્ર પોસ્ટર્સ બનાવ્યાં, પપેટ્સ બનાવ્યાં. એક મહિનો કામ કર્યું. 'વાર્તાવાળાં બહેન' એવી ઓળખ મેળવી. ત્યારબાદ શ્રી ચિંતન પંડ્યાએ 'વાચિકમ્ અને મંચન વડે સાહિત્યનો વ્યાપ' શીર્ષકથી પોતાની પ્રવૃત્તિનો પરિચય આપ્યો. સાદું વાચન, પઠન અને વાચિકમ્ વચ્ચે જે અંતર છે તે નિદર્શન સાથે સમજાવ્યું. જાગીને જોઉં તો... નાટક (સિતાંશુ) વાચિકમ્ માટે ઝૂલણામાં નાટક ઉતાર્યું. પૃથ્વીવલ્લભ, દરિયાલાલ, રશ્મિરથિનું વાચિકમ્ કર્યું તેની વાત કરી. અધ્યક્ષીય વક્તવ્ય તથા સમાપન શ્રી નૌશિલ મહેતાએ કર્યું. અધ્યક્ષીય વક્તવ્યની મુદ્રિત નકલ પુસ્તિકામાં સૌ પ્રતિનિધિઓ પાસે ઉપલબ્ધ હતી. આખું વક્તવ્ય વાંચવા જેવું છે. બેઠકનો વિષય છે તે અધ્યક્ષના વક્તવ્યનું શીર્ષક છે. નવ પાનામાં વિસ્તરેલું વક્તવ્ય ક્રમશઃ સાહિત્યના વિકાસના તબક્કાઓ સમજાવે છે. ઉપસ્થિત તથા અન્ય રસ ધરાવતા સાહિત્યરસિકો માટે જાણવું જરૂરી છે તે જ્ઞાન અત્રે ઉપલબ્ધ છે. પહેલો તબક્કો : કંઠે રચાયેલું સાહિત્ય, બીજો તબક્કો : કલમે ઊતરેલું સાહિત્ય, ત્રીજો તબક્કો : છપાઈને ફેલાતું સાહિત્ય, ચોથો તબક્કો : ડિજિટલ સાહિત્ય. તેમણે પોતાના નક્કર, માહિતીપૂર્ણ વક્તવ્યના અંતે નોંધ્યું છે : 'આનંદની વાત છે, કેમ કે તેરમી સદીથી આજ સુધી આપણી ભાષાએ એક સાતત્ય જાળવ્યું છે : એ સતત બદલાતી આવી છે.આજે પણ બદલાઈ રહી છે. અતઃ એ આજે પણ જીવે છે.' આશરને શ્રોતાગણમાંથી મૂંઝવતા પ્રશ્નો પુછાતા હતા ત્યારે અધ્યક્ષશ્રી નૌશિલ મહેતના મુખ પર ફરકતું મર્માળું સ્મિત કોઈએ નોંધ્યું હતું ? એ સ્મિતમાં એમનો આત્મવિશ્વાસ છલકતો હતો એમ મને વંચાયું.

સાતમી બેઠકનો આરંભ સાંજે ૪-૩૦ વાગે થયો હતો. 'લોકલોકની સર્જકતા' વિષય હતો. અધ્યક્ષ હતા : શ્રી મુસાફિર પાલનપુરી. રજૂઆત બે ભાગમાં હતી. ભાદર-કાંઠેથી શીર્ષક સાથે શ્રી ભીમજી ખાચરિયા અને વૃંદનાં લગ્નગીતોનું ગાન થયું હતું. ભીમજીભાઈની ડાબે-જમણે ચાર ચાર બહેનો ગોઠવાયાં હતાં. વિજયાબહેન અને વૃંદ લગ્નની જુદી જુદી પરંપરાગત વિધિઓ ટાણે સ્ત્રીવૃંદ દ્વારા વરપક્ષ તેમજ કન્યાપક્ષ બંનેનાં ગીતોની પ્રસ્તુતિ થઈ હતી. ભીમજીભાઈની માહિતીપૂર્ણ ટિપ્પણીઓ પ્રાપ્ત થઈ હતી. તેઓ આખા વૃંદને ક્રમબદ્ધ રીતે રજૂ કરતા હતા. રસપ્રદ અને ખરેખર સાચવવા યોગ્ય કલાપ્રસ્તુતિ હતી. બીજા ભાગમાં 'બનાસકાંઠેથી' શીર્ષક નીચે વક્તા શ્રી અશોક દવેએ વક્તવ્ય દ્વારા બનાસકાંઠાની સર્જકતાનો પરિચય આપ્યો હતો. અંતમાં અધ્યક્ષશ્રી મુસાફિર પાલનપુરીએ પોતાની અત્યંત રોચક એવં અફલાતૂન અભિવ્યક્તિમાં રજૂઆત કરી

હતી. તેમનું મુદ્રિત વ્યાખ્યાન 'લોકલોકની સર્જકતા' તેમણે છટાથી વાંચ્યું હતું. તેમાં આ પ્રદેશના સાહિત્યકારોની માહિતી હતી. આ બેઠકનું સંચાલન ડૉ. પરેશ ચૌધરીએ કર્યું હતું.

૨૭મીની રાત્રે ભોજન-વિરામ પછી ૮.૦૦ થી ૯.૦૦ યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. પ્રશંસનીય પ્રસ્તુતિની ખાસ નોંધ લેવી જોઈએ તેવું આ આોજન હતું. દિવ્યાંગ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ થયેલ નૃત્ય અદ્ભુત રહ્યું. યજમાન સંસ્થાને ખાસ અભિનંદન ઘટે છે.

તા. ૨૮-૧૨-૨૦૧૯, શનિવાર, સવારે ૯.૦૦ કલાકે આઠમી બેઠકનો આરંભ થયો હતો. બેઠકનું સંચાલન શ્રી ગિરિમા ઘારેખાને સંભાળ્યું હતું. આ બેઠકમાં યુવા સર્જકમંચ તથા અધ્યાપકમંચ એમ બે વિભાગમાં પ્રસ્તુતિ કરવાની હતી જેમાં સર્જકમંચમાં ૧૨ સર્જકો દ્વારા પ્રસ્તુતિ થઈ હતી. યુવાનોએ ગીત, ગઝલ, અછાંદસ રચનાઓ વાંચી હતી. નિબંધ તથા વાર્તાનું પઠન પણ થયું હતું. શ્રી કિરીટ દૂધાતે આ સર્જકોને યોગ્ય માર્ગદર્શન, દિશાસૂચન મળે તે માટે પોતાની સાથે સર્વશ્રી હર્ષદ ત્રિવેદી તથા યોગેશ જોશીને નિમંત્ર્યા હતા. પ્રત્યેક કૃતિદીઠ ગીત, ગઝલ કે અછાંદસ માટે હર્ષદ ત્રિવેદીએ તત્ક્ષણ પોતાનાં નિરીક્ષણો તથા સૂચનો આપ્યાં હતા. યોગેશ જોશીએ સર્વાંગી અવલોકન આપ્યું હતું. કિરીટ દૂધાતે ગદ્યકૃતિઓ માટે માર્ગદર્શન આપ્યું હતું. શોધપત્રોનું વાચન થયું ન હતું. ભાવનગરથી આવેલ બે બહેનોએ લોહીની સગાઈ વાર્તાનું નાટ્યરૂપાંતર કરતી વખતે કેવી રીતે કામ કર્યું તેની કેફિયત આપી હતી.

યુવા સર્જકોની બેઠકમાં મંચ પર ઉપસ્થિત રહીને સર્વશ્રી કિરીટ દૂધાત, યોગેશ જોશી, હર્ષદ ત્રિવેદીએ માર્ગદર્શક વક્તવ્યો/ટિપ્પણીઓ આપ્યાં તે ઉપરાંત શ્રોતાસમૂહમાં પ્રથમ હરોળમાં ઉપસ્થિત મહાનુભાવો સર્વશ્રી ધીરુ પરીખ, સિતાંશુ યશશ્ચંદ્ર તથા વર્ષા અડાલજાએ ઊભાં થઈને યુવા પેઢીને માર્ગદર્શક ટૂંકાં સૂચનો કર્યાં હતાં. આ સૂચનો ખૂબ જ નોંધપાત્ર હતાં. હૈયે ઉતારવાં જેવાં હતાં. પરિષદનો મંચ વિદ્યાર્થી/યુવાસર્જકોથી શોભાયમાન બન્યો હતો તથા પીઢ સર્જકોનાં લાગણીસભર સૂચનોથી યુવાસર્જકવર્ગ ધન્ય બન્યો હતો. સમગ્ર દૃશ્ય એક આશાસ્પદ ચિત્રનું નિર્માણ કરતું હતું.

ત્યારબાદ જ્ઞાનસત્રની સમાપન બેઠકનો આરંભ બપોરે ૧૨.૦૦ કલાકે થયો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું સત્ર (સામાન્ય સભા) ઠરાવો, પ્રતિભાવો અને આભારવિધિ માટેનું હતું.એમાં ગુજરાતી વિષય અંગે ૧૦મા ધોરણ, ૧૨મા ધોરણમાં કોઈ પણ માધ્યમની શાળામાં શિક્ષણ ફરજિયાત રહેવું ઘટે તે માટે ઠરાવ કરીને સરકાર દ્વારા અમલ થાય તે અંગેની કામગીરી કરવી તેમ વિચારાયું. બીજું ગુજરાત સાહિત્ય અકાદમી અંગે સ્વાયત્તતાનો મુદ્દો ચર્ચાયો. પરિષદે જે અગાઉ માર્ગ લીધો હતો તે જારી રાખવો અને ઍક્શન કમિટી રચવાની દરખાસ્ત થઈ અને આ કાર્યને વેગવંત બનાવવાની જિકર થઈ. વિવિધ સૂચનો આવ્યાં. સ્વાયત્તતા માટેનો આગ્રહ રાખનારાઓએ પોતાનો સ્પિરિટ યથાવત રાખ્યો હતો. આ તકે વર્ષ દરમિયાન જે સાહિત્યકારો દિવંગત થયા તેમનાં નામોના ઉચ્ચાર સાથે મૌન શ્રદ્ધાંજલિ સભાએ ઊભા થઈને આપી હતી.

અંતમાં આભારદર્શનની બેઠકનો આરંભ થયો હતો. મંચસ્થ મહાનુભાવોમાં સર્વશ્રી વર્ષા અડાલજા, રઘુવીર ચૌધરી, સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રફુલ્લ રાવલ, ધીરુ પરીખ તથા શ્રી કનુભાઈ પ્રજાપતિ (યજમાન સંસ્થા), ઉપસ્થિત હતાં. પહેલાં યજમાન સંસ્થા વતી શ્રી કનુભાઈ પ્રજાપતિએ પરિષદનો આભાર માન્યો હતો. તેમણે આ તકે ટૂંકા પ્રવચનમાં વિદ્યામંદિર ટ્રસ્ટ પાલનપુરની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ગુજરાતી સાહિત્ય પરિષદ વતી શ્રી પ્રફુલ્લ રાવલે આભારવિધિ કર્યો હતો.

આમ ૩૧મા જ્ઞાનસત્રના યાદગાર અનુભવ સાથે સૌ પ્રતિનિધિઓ વિખેરાયા હતા.

## વર્તમાન જ્ઞાનસત્રનાં અધ્યક્ષીય પ્રવચનો | ચન્દ્રકાન્ત ટોપીવાળા

ગુજરાતી સાહિત્ય પરિષદના પાલનપુર ખાતે ભરાયેલા ૩૧મા જ્ઞાનસત્રની બેઠકોના અધ્યક્ષોનાં પ્રવચનો પરિષદે આગોતરાં પ્રકાશિત કર્યાં છે; એમાં બીજી બેઠકના મારા અધ્યક્ષીય પ્રવચન વિશે કશું કહેવાનો મારો કોઈ અધિકાર ન હોઈ શકે, પણ એ અંગે કોઈ વ્યવસ્થિત ચર્ચામાં ઊતરે કે મૂલ્યાંકનમાં ઊતરે તો અવશ્ય અત્યંત આવકાર્ય છે. મારા અધ્યક્ષીય પ્રવચન સિવાય બાકીનાં પ્રવચનો અંગે કેટલીક ચર્ચા જરૂરી બની છે. રઘુવીર ચૌધરીએ ‘ઇતિહાસ અને સત્ય’ વિશે અન્યોના જુદા જુદા ઉતારાઓ કોઈ વ્યવસ્થિત સૂત્ર વગર રમતા કર્યા છે અને અંતે પોતાના હિન્દીમાં લખાયેલા જૂના લેખનો ગુજરાતી અનુવાદ તરતો મૂક્યો છે : આ સર્વમાંથી ઇતિહાસ અને સાહિત્યના સંબંધોની ગંભીરપણે કોઈ સઘન વાત ઊપસતી નથી. ચંદ્રકાન્ત શેઠનું ‘કારયિત્રી પ્રતિભા’ પરનું વક્તવ્ય વાચાળ અને વધુ વાગ્મિતાપૂર્ણ છે એમાં સર્જકની શક્તિ (writer's competence) અંગે કોઈ નવો મુદ્દો આજના સંદર્ભમાં ઉમેરાતો નથી. અલબત્ત એ બહાને ઉત્તમ ઉદાહરણો એમની નજરથી ઊપસી આવ્યા છે.

નૌશિલ મહેતા ‘સાહિત્યની તાંત્રિકી’ પર બોલતા તબક્કાવાર વિશ્લેષણમાં ગયા છે અને હસ્તપ્રતનિર્માણથી મુદ્રણનો માર્ગ ઐતિહાસિક વિગતોથી પુષ્ટ કર્યો છે. એકંદરે એમના લખાણમાં સંગતતા છે. મુસાફિર પાલનપુરીએ સાતમી બેઠકમાં જ્ઞાનસત્રનું સ્થળ અને સ્થાનિક સંસ્કૃતિ તેમજ સ્થાનિક લેખનના પ્રશસ્તોને હોંશથી રજૂ કરવા પ્રયત્ન કર્યો છે.

અધ્યક્ષશ્રીનાં વક્તવ્યોની આ પુસ્તિકામાં કોઈ નિરાશ કરનારું વિતથ વક્તવ્ય હોય તો તે નરોત્તમ પલાણનું છે. અન્ય વક્તવ્યો પર ઊપસી આવેલી પ્રતિક્રિયા તો મુખ્યત્વે નરોત્તમ પલાણના વક્તવ્યના વિશ્લેષણ માટેનું માત્ર પ્રાસ્તાવિક છે. ‘ભાવયિત્રી પ્રતિભા’ એ સંસ્કૃત વિવેચનની એક શાસ્ત્રીય સંજ્ઞા છે અને એનો ચોક્કસ અર્થ છે. રાજશેખરે ‘કાવ્યમીમાંસા’માં કવિની શક્તિને કારયિત્રી પ્રતિભા (writer's competence) તરીકે ઓળખાવી છે, જ્યારે એની સામે ભાવનની ક્ષમતાવાળા ભાવકની પ્રતિભા

(Reader's competence)ને ભાવયિત્રી પ્રતિભા તરીકે ઓળખાવી છે. શ્રી પલાણના વક્તવ્યના શીર્ષકમાં ‘આપમેળે થતી અભિવ્યક્તિ’થી જ ગેરસમજ ઊભી થઈ છે, અને આખો લેખ ગેરમાર્ગે દોરાયો છે. પ્રારંભનો ગાંધીજી અંગેનો આખો પરિચ્છેદ અસંગત છે. એટલું જ નહીં પણ ગેરસમજથી ભરેલો છે. તુલસીદાસની સાખી ‘દયા ધરમકો મૂલ હૈ’ જે મુકાયેલી છે એમાં શ્રી પલાણ ભાવયિત્રી પ્રતિભાનું ઉદાહરણ જુએ છે ત્યારે લાગે છે ભાવ (emotion) અને ભાવન (Reception) વચ્ચેનો આખા લેખમાં ગોટાળો થયો છે. ભાવયિત્રી પ્રતિભાનો વિષય ભાવકના વાચન-ભાવનનો છે. એને અને ઉમાશંકરના ‘આપમેળે’ થતા સર્જનપ્રક્રિયાના નિવેદનને તાર્કિક રીતે જોડી શકાય નહીં. રાજશેખરનું નામ દઈ શ્રી પલાણ બે પ્રકારની ગંગોત્રીને સમજાવે છે અને કારયિત્રી એટલે શાસ્ત્રાશ્રિત અને ભાવયિત્રી એટલે કલાશ્રિત એવી સમજણ પર પહોંચી જાય છે. ખરેખર તો કારયિત્રી એ કવિની અને ભાવયિત્રી એ ભાવકની પ્રતિભાનો પ્રશ્ન છે. વિશ્વનાથનું ઉદાહરણ તો જુદી જુદી ભાષાઓની બોલીઓનો નિર્દેશ કરે છે. અહીં આખો સંદર્ભ અસંગત છે. વળી રમેશ પારેખની રચનામાં ‘વૃત્તગંધી અછાંદસ’ કહેવું અને એમાં ‘કટાવની ઘાલ’ છે એમ કહેવું બે તદ્દન જુદી બાબતો છે. સહજા અને ઉત્પાદ્યા પ્રતિભાઓ લેખકપક્ષે એની કારયિત્રી પ્રતિભાના પ્રકારનો નિર્દેશ કરે છે. ‘સહજા’ અલંકારશાસ્ત્રમાં શાસ્ત્રીય સંજ્ઞા છે અને તે લેખકની પ્રતિભાના સંદર્ભમાં પ્રયોજાય છે. અહીં આખા પરિચ્છેદમાં ‘સહજિયા પંથ’ અને બુધની સાધના જોડે એને અસંગત રીતે સાંકળી લેવાયેલી છે. ભજન સહજા છે અને સૉનેટગઝલ ઉત્પાદ્યા છે એવી ઓળખ આપવી એ સંસ્કૃત કાવ્યશાસ્ત્રીય પરંપરાનું અજ્ઞાન છતું કરે છે. અતવા તો તે તદ્દન ખોટી રીતે થયેલું આરોપણ છે. અહીં શ્રી પલાણની લોકસાહિત્ય અને તત્ત્વજ્ઞાનની સામગ્રી અણસમજથી કાવ્યશાસ્ત્રની સામગ્રી સાથે ભેળસેળ થઈ ગયેલી છે.

છેલ્લે છેલ્લે શ્રી પલાણે ‘પોતાની વાછરડીને બચાવતી બચાવતી આખર માલિકના બારણે પહોંચી જાય છે’ જેવાં ઉદાહરણો આપ્યાં છે તે ‘ભાવ’નાં ઉદાહરણો છે. પારિભાષિક ભાવયિત્રી પ્રતિભાનાં નથી. ટૂંકમાં અહીં ગાંધીજી, બુદ્ધ, ‘સહજિયા પંથ’, ‘ગીતાનું દર્શન’ – આ સર્વ અર્થહીન અડફેટે ચઢ્યાં છે.

આ આખો ઉપક્રમ એટલા માટે કરવો પડ્યો છે કે શાસ્ત્રીય ચુસ્તતા વગર ગમે તેમ રવડતા લેખો ઊગતા અભ્યાસીઓના ચિત્રમાં ખોટાં સમીકરણો ન ઊભાં કરે. શ્રી પલાણનો લેખ વિષયના અજ્ઞાનથી દોષિત અને દૂષિત થયેલો છે. અધ્યક્ષીય પ્રવચનોમાં એને સ્થાન છે તે ગુજરાતી વિવેચનસાહિત્યની કમનસીબી છે.

❑